PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૨/૧૬–૧૭/ ૭૮૮૦ તા. 23/08/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અમૃતલાલ બાબુભાઈ વોરા,
–શ્રીજી મેન્યુ –
મારૂતી ઈન્ડ. એરીયા,
પટેલ એસ્ટેટ,
ગોડલ રોડ, જકાતનાકા પાસે,
કોઠારીયા
રાજકોટ
મો: ૯૧૭૩૧ ૩૨૮૭૩, ૮૮૬૬૬ ૪૪૪૭૩

**વિષય :–નામ બદલી ના ભાવપત્રક બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૨/૧૬–૧૭)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 02 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૫/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૯–૦૮–૧૬ | સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: અમૃતલાલ બાબુભાઈ વોરા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : નામ બદલી ના ભાવપત્રક બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના હૈયાત જોડાણ નં.:૩૪૫૧૩/૨૩૩૭૨/૯ મા, વીજભાર વધારા ની તા.૨૩–૦૫–૧૬ ના રોજ નોધાવેલ અરજી ના અનુસંધાને, આજદિન સુધી, મંજુરી અન્વયે નુ ભાવપત્રક મળેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી ના ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતેના, તેમના હૈયાત જોડાણ નં.:૩૪૫૧૩/૨૩૩૭૨/૯ મા, શ્રી કાન્તીલાલ જયંતીલાલ દેવમુરારી ના નામ પરથી, શ્રી અમૃતલાલ બાબુભાઈ વોરા ના નામે, નામ બદલી ની તા.૦૩–૦૩–૧૬ ના રોજ અરજી અપાયેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, સદર નામ બદલી ની મંજુરી તા.૧૪–૦૩–૧૬ થી આપી અને અરજદાર શ્રી ને, નામ બદલી નુ ભાવપત્રક અપાયેલ હતુ. પરંતુ, સદર ભાવપત્રક ની રકમ, અરજદાર શ્રી ને વધુ જણાયેલ હોય, અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની, તેમના સદર જોડાણ મા, સદર તા.૦૩–૦૩–૧૬ ની નામ બદલી ની અરજી રદબાતલ કરવાની અરજી પીજીવીસીએલ મા આપેલ હતી. |
| ૨.૨ | ત્યારબાદ, અરજદારે, તેમના સદર જોડાણ ના હૈયાત કુલ વીજભાર ૧૨ કીવો માથી, ૭ કીવો નો વીજભાર ઘટાડો મેળવી, અને જોડાણ ને ૦૫ કીવો ના વીજભાર નુ કરવા સબબ ની, નવેસર થી, ફરી વખત, નામ બદલી સાથે, વીજભાર ઘટાડા ની વિધીસર ની અરજી, જે તા.૨૩–૦૫–૧૬ ના રોજ નોધાવેલ છે. અરજદાર શ્રી એ, આ મુજબ ની, તેમના હૈયાત જોડાણ મા, નવેસર થી, વીજભાર ઘટાડા સાથે ની નામ બદલી ની અરજી ની કાર્યવાહી, જે કચેરી મા રૂબરૂ ઉપસ્થિત રહી, અને તા.૨૩–૦૫–૧૬ ના રોજ સંપન્ન કરેલ છે. જેથી, હવે અરજદાર શ્રી ની સદર નામ બદલી અને વીજભાર ઘટાડા ની અરજી ની, વિભાગીય કચેરી એ ચકાસણી ની કાર્યવાહી, સંપન્ન કરીને, યોગ્ય જણાતા, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ, તેમના જોડાણ મા, નામ બદલી સાથે વીજભાર ઘટાડા ની, મંજુરી આપવામા આવશે. સદર તમામ કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી મા, તેમની જાણકારી અને સંતોષ હેઠળ, અરજદાર શ્રી ના તા.૦૨–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને,પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના તા.૦૨–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ લગાડી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના તા.૦૨–૦૮–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ લગાડી, અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

ગેરહાજર

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ: સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર,** "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..